# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 08-01-2025 EVENING : 7.50 to 8.00
Day : WEDNESDAY National News

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, આંધ્રપ્રદેશને વર્ષ 2047 સુધી 2.5 ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવાનો લક્ષ્યાંક
2) કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે, માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને કેશલેસ સારવાર યોજના અંતર્ગત દોઢ લાખ રૂપિયાની સહાય અપાશે.
3) કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે કચ્છના કંડલા મહાબંદર ખાતે 57 હજાર કરોડ રૂપિયાના નવા 2 પ્રકલ્પ બનાવવાની જાહેરાત કરી
4) મરાઠી ભાષાને સત્તાવાર રીતે શાસ્ત્રીય ભાષાનો દરજ્જો અપાયો
5) હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા સહિતના રાજ્યોમાં આગામી 2 દિવસ અતિગાઢ ધુમ્મસની હવામાન વિભાગની આગાહી

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## EVE PM ANDHRA PRADESH VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વિશાખાપટ્ટનમથી આંધ્રપ્રદેશમાં 2 લાખ કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું વર્ચ્યૂઅલ માધ્યમથી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. દરમિયાન શ્રી મોદીએ જણાવ્યું કે, આંધ્રપ્રદેશને વર્ષ 2047 સુધી 2.5 ટ્રિલિયન ડૉલરની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્યાંક છે. તેમણે ઉમેર્યું, હવે સમય આવી ગયો છે કે, આંધ્ર ભવિષ્યની નવી ટેક્નૉલોજીનું કેન્દ્ર બને.

### (બાઈટઃ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, આંધ્રપ્રદેશ)

આ પહેલાં શ્રી મોદીએ વિશાખાપટ્ટનમમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુ અને નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણ સાથે રોડ શૉ પણ યોજ્યો હતો.

. . . . . . . . . . . . . . . .

## REV GADKARI ROAD SAFETY

**કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ કહ્યું કે, વર્ષ 2024માં માર્ગ અકસ્માતમાં એક લાખ 80 હજાર જેટલા લોકોના મોત નીપજ્યા છે. શ્રી ગડકરીએ ગઈકાલે નવી દિલ્હીમાં તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પરિવહન મંત્રીઓ સાથે માર્ગ સલામતી અંગેની એક બેઠક બાદ પત્રકાર પરિષદ યોજી હતી.**

**(બાઈટઃ નીતિન ગડકરી, કેન્દ્રીય મંત્રી - ROAD SAFETY BYTE)**

**માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તો માટે કેશલેસ સારવાર યોજના શરૂ કરવામાં આવી હોવાનું પણ શ્રી ગડકરીએ ઉમેર્યું હતું.**

**(બાઈટઃ નીતિન ગડકરી, કેન્દ્રીય મંત્રી - CASHLESS YOJANA)**

. . . . . . . . . . . . . . . .

## PREZ VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ આવતીકાલથી મેઘાલય અને ઓડિશાના પ્રવાસે જશે. તેઓ મેઘાલયના ઉમિયમમાં આઈ.સી.એ અને સંશોધન પરિસરના સુવર્ણ જયંતી સમારોહમાં ઉપસ્થિત રહેશે. રાષ્ટ્રપતિ 10 જાન્યુઆરીએ ઓડિશાના ભુવનેશ્વરમાં 18મા પ્રવાસી ભારતીય દિવસ સંમેલનના સમાપન સત્રમાં જોડાશે અને પ્રવાસી ભારતીય સન્માન પુરસ્કાર એનાયત કરશે.

. . . . . . . . . . . . . . . .

## REV RAJNATH MALDIVES

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને ભારતના ત્રણ દિવસના પ્રવાસે આવેલા માલદીવના સંરક્ષણ મંત્રી મોહમ્મદ ઘાસન મૌમુને આજે નવી દિલ્હીમાં દ્વિપક્ષી બેઠકમાં તાલીમ, નિયમિત સૈન્ય અભ્યાસ અને સંરક્ષણ

પરિયોજનાઓ સહિત દ્વિપક્ષી સંરક્ષણ સહકારના વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી હતી.

સંરક્ષણ મંત્રીએ સંરક્ષણ તૈયારીઓ માટે ક્ષમતા વધારવામાં માલદીવને સહકાર આપવા ભારતની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો હતો. શ્રી મોમૂને માલદીવ માટે સૌથી પહેલા મદદ માટે આવનારા દેશ તરીકે ભારતની ઐતિહાસિક ભૂમિકાની પ્રશંસા કરી હતી. સોશિયલ મીડિયાના એક સંદેશમાં શ્રી સિંહે જણાવ્યું કે, આ સંવાદથી ભારત અને માલદિવ સંબંધોને નવી ઊર્જા મળશે.

. . . . . . . . . . . . . . . .

## SARBANANDA SONOWAL KUTCH

કેન્દ્રીય બંદર, જહાજ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે ગુજરાતમાં કચ્છના કંડલા મહાબંદર ખાતે 57 હજાર કરોડ રૂપિયાના નવા બે પ્રકલ્પ બનાવવાની જાહેરાત કરી હતી, જેમાં ખાડીની બહાર 27 હજાર કરોડ રૂપિયાનું નવું મૅગા ટર્મિનલ બંદર અને 30 હજાર કરોડ રૂપિયાના ખર્ચે શિપ બિલ્ડીંગ પ્રૉજેક્ટનો સમાવેશ થાય છે.

દરમિયાન શ્રી સોનોવાલે આજે દિનદયાળ બંદર ખાતે ગ્રીન હાઈડ્રોજન એક્સલેન્સ સેન્ટરનું ખાતમુહૂર્ત, વેસ્ટ રિસાઈકલિંગ પ્લાન્ટ અને કેન્દ્રીય વિદ્યાલયની નવી ઈમારત સહિતના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ કર્યું હતું.

(બાઈટ -- સર્બાનંદ સોનોવાલ, કેન્દ્રીય મંત્રી)

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## CHIRAG INDUS FOOD

**કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને જણાવ્યું કે, "ભારત પોતાની ભૌગોલિક અને વસતિ વિષયક વિવિધતાના કારણે પોતાના ભોજનને વૈશ્વિક બનાવવાની ક્ષમતા ધરાવે છે." શ્રી પાસવાને કહ્યું કે, દેશભરમાં 100 નવી ખાદ્ય પરિક્ષણ પ્રયોગશાળાઓ તૈયાર કરવામાં આવી રહી છે. કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને આજે ગ્રેટર નોયડામાં ઈન્ડસ ફૂડ 2025ના ઉદ્ઘાટન કરતા આ મુજબ જણાવ્યું હતું.**

**(બાઈટઃ ચિરાગ પાસવાન, કેન્દ્રીય ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી)**

. . . . . . . . . . . . . . . .

## MAHA-MARATHI LANGUAGE

મરાઠી ભાષાને સત્તાવાર રીતે શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના મરાઠી ભાષાના મંત્રી ઉદય સામંતે નવી દિલ્હીમાં કેન્દ્રીય સાંસ્કૃતિક મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત સાથે મુલાકાત કરી હતી, જ્યાં શ્રી શેખાવતે તેમને મરાઠી ભાષાને સત્તાવાર રીતે શાસ્ત્રીય ભાષા તરીકેનો દરજ્જો આપતો સરકારી ઠરાવ સુપરત કર્યો હતો.

પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી સામંતે જણાવ્યું કે, મહારાષ્ટ્ર સરકાર ટૂંક સમયમાં સ્થાપિત નિયમો પ્રમાણે શાસ્ત્રીય ભાષાને મળતા લાભ અંગે કેન્દ્ર સરકારને દરખાસ્ત મોકલશે.

. . . . . . . . . . . . . . . .

## AKASHVANI-DD SONG

કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે નવી દિલ્હીમાં મહાકુંભ 2025ને સમર્પિત આકાશવાણી અને દૂરદર્શન માટેના વિશેષ ગીતનું લોકાર્પણ કર્યું. આ મહાકુંભ 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી પ્રયાગરાજમાં યોજાશે.

. . . . . . . . . . . . . . . .

# IMD WEATHER

ઉત્તર ભારતમાં શીતલહેરની સ્થિતિ યથાવત્ છે. ત્યારે હવામાન વિભાગે આજે પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર મધ્યપ્રદેશમાં આવતીકાલ સુધી ઠંડીની આગાહી વ્યક્ત કરી છે.

આકાશવાણી સમાચાર સાથે વાત કરતાં વિભાગનાં વરિષ્ઠ વૈજ્ઞાનિક ડૉક્ટર સોમા સેને જણાવ્યું કે, આગામી 2 દિવસ સુધી હિમાચલ પ્રદેશ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, ઉત્તરપ્રદેશ, બિહાર અને ઝારખંડના કેટલાક ભાગમાં સવારે અને રાત્રિના સમયે અતિગાઢ ધુમ્મસ છવાઈ રહેવાની પણ સંભાવના છે.

ગાઢ ધુમ્મસના કારણે આજે દિલ્હી આવનારી 30 જેટલી ટ્રેન ચારથી પાંચ કલાક સુધી મોડી ચાલી રહી છે.

. . . . . . . . . . . . . . . .

# BADMINTON

બેડમિન્ટનમાં ટોચના ભારતીય ખેલાડી એચ. એસ. પ્રણય મલેશિયા ઑપનની પુરુષ સિંગલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા છે. તેમણે કેનેડાના બ્રાયન યાન્ગને 21–12, 17–21 અને 21–15થી હરાવ્યા હતા. પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં આવતીકાલે તેઓ ચીનના શી ફૅન્ગ સામે રમશે.

આ તરફ મહિલા સિંગલ્સમાં ભારતનાં માલવિકા બંસોડ પણ બીજા તબક્કામાં પહોંચ્યા છે. તેમણે આજે મલેશિયાના જિન વેઈ ગોહને 21–15 અને 21–16થી હરાવ્યાં હતાં.

જ્યારે ધ્રુવ કપિલા અને તનિષા ક્રાસ્ટોની જોડી મિક્સ્ડ ડબલ્સ પ્રિ-ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે. આ ટોચની જોડીએ દક્ષિણ કૉરિયાના સુંગ હ્યૂનને અને હયે વૉન ઈઓમને 21–13 તેમજ 21–14થી હરાવ્યા હતા. તો ભારતીય જોડીનો સામનો હવે આવતીકાલે ચીનના ચી ઝાન્ગ અને ઝિન્ગ ચેન્ગ સામે થશે.

. . . . . . . . . . . . . . . .